LIKE & FOLLOW: /Mumbaisamachar4u

૨૭ કરોડ રૂપિયાના પંત અને ૨૬.૭૫ કરોડ રૂપિયાવાળા શ્રેયસની ટીમ વચ્ચે ટક્કર

લખનઊ શહેરમાં આજે લખનઊ -પંજાબના મુકાબલામાં ભારે રસાકસી જોવા મળી શકે

લખનઊ: રિષભ પંતના સુકાનમાં લખનઊ સુપર કિંગ્સ (એલએસજી)ની ટીમ ૨૪મી માર્ચે વિશાખાપટનમમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામે હારી ગઈ હતી, પણ ૨૭મી માર્ચે હૈદરાબાદમાં આતશબાજી માટે મશહૂર સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) સામે જીતી ગઈ એટલે પંતની ટીમમાં નવો જોમ અને જુસ્સો આવી ગયો છે અને એના જોર પર આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) એલએસજીની ટીમ આ વખતે પહેલી વાર હોમ-ટાઉન લખનઊમાં રમશે અને એ જીતવા કોઈ કસર બાકી નહીં રાખે. આ મૅચ પંજાબ કિંગ્સ (પીબીકેએસ)ની ખતરારૂપ ટીમ સામે રમાવાની છે.

પંતને ગયા વર્ષે હરાજીમાં એલએસજીના માલિકોએ ૨૭ કરોડ રૂપિયાના ઐતિહાસિક ઊંચા ભાવે ખરીદ્યો હતો એટલે તે પોતાની એ કિંમતને યોગ્ય સાબિત કરવા માટે પણ મૅચ દરમ્યાન નિર્ણયો લેવામાં ખાસ સતર્ક રહેશે. ખાસ કરીને તે પોતાની બૅટિંગ સુધારવા પર ધ્યાન આપશે. પહેલી બે મૅચમાં તેના સ્કોર આ મુજબ હતા: દિલ્હી સામે શૂન્ય અને હૈદરાબાદ સામે ૧૫ રન. બીજી ખાસ વાત એ છે કે પંજાબના ફ્રેન્ચાઇઝીએ શ્રેયસ ઐયરને ઑક્શનમાં સેકન્ડ-હાઇએસ્ટ ૨૬.૭૫ કરોડ રૂપિયાના ભાવે ખરીદ્યો હતો એટલે મંગળવારનો મુકાબલો ખરેખર તો આઇપીએલના ઇતિહાસના બે સૌથી મોંઘા ખેલાડી વચ્ચેનો છે.

એલએસજી માટે જીતવું આસાન નહીં હોય, કારણકે એનો જેની સામે મુકાબલો થવાનો છે એ પંજાબ કિંગ્સની ટીમ આ વખતે ફક્ત એક મૅચ રમી છે અને એમાં વિજય મેળવી ચૂકી છે. યાદ રહે, પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયરે એમાં માત્ર ૪૨ બૉલમાં મૅચ-વિનિંગ ૯૭ રન બનાવ્યા હતા એટલે તે ગજબના ફૉર્મમાં છે. શશાંક સિંહે ગુજરાત સામે અણનમ ૪૪ રન બનાવીને પંજાબને વિજય અપાવ્યો હતો એટલે મંગળવારે લખનઊના બોલર્સે તેનાથી પણ ચેતવું પડશે. બીજું, પંજાબના ખેલાડીઓ ગયા મંગળવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ (જીટી)ને હરાવ્યા બાદ લગભગ એક અઠવાડિયાનો આરામ કરીને લખનઊમાં આજે રમવાના છે એટલે તેમની ક્ષમતા સામે પંતની ટીમે ખૂબ ચેતવું પડશે.

એલએસજીએ આ ટૂર્નામેન્ટમાં ૨૭મીએ હૈદરાબાદની મજબૂત ટીમને હરાવીને જોરદાર કમબૅક કર્યું છે અને એનો યશ નિકોલસ પૂરન (૨૩ બૉલમાં ૭૦ રન), મિચલ માર્શ (૩૧ બૉલમાં બાવન રન) તેમ જ શાર્દુલ ઠાકુર (૩૪ રનમાં ચાર વિકેટ)ને આપવો પડે. ■

બન્ને ટીમના ખેલાડીઓ પર એક નજર:

લખનઊ: રિષભ પંત (કૅપ્ટન, વિકેટકીપર), ડેવિડ મિલર, એઇડન માર્કરમ, આર્યન જુયલ, હિમ્મત સિંહ, મૅથ્યૂ બ્રીટ્ઝકે, નિકોલસ પૂરન (વિકેટકીપર), મિચલ માર્શ, અબ્દુલ સામદ, શાહબાઝ અહમદ, યુઝવેન્દ્ર ચહલ, શાર્દુલ ઠાકુર, રવિ બિશ્નોઈ, પ્રિન્સ યાદવ, યુવરાજ ચૌધરી, રાજ્યવર્ધન હંગારગેકર, અર્શિન કુલકર્ણી, આયુષ બદોની, આવેશ ખાન, આકાશ દીપ, મણિમારન સિદ્ધાર્થ, દિગ્વેશ સિંહ, આકાશ સિંહ, શમર જોસેફ અને મયંક યાદવ.

પંજાબ: શ્રેયસ ઐયર (કૅપ્ટન), પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), જૉશ ઇંગ્લિસ (વિકેટકીપર), વિષ્ણુ વિનોદ (વિકેટકીપર), પી. અવિનાશ, હરનૂર સિંહ, નેહલ વઢેરા, અઝમતુલ્લા ઓમરઝાઇ, આરૉન હાર્ડી, માર્કો યેનસેન, ગ્લેન મૅક્સવેલ, મુશીર ખાન, શશાંક સિંહ, માર્કસ સ્ટોઇનિસ, સૂર્યાંશ શેડગે, અર્શદીપ સિંહ, ઝેવિયર બાર્લેટ, યુઝવેન્દ્ર ચહલ, પ્રવીણ દુબે, લૉકી ફર્ગ્યુસન, હરપ્રીત બ્રાર, કુલદીપ સેન, વિજયકુમાર વૈશાક અને યશ ઠાકુર. ■

અશ્વની અને રિકલ્ટને મુંબઈને આસાન વિજય અપાવ્યો

મુંબઈ: વાનખેડે સ્ટેડિયમમાં અહીં ગઈ કાલે મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ને હરાવીને આ વખતે જીતવાનું મોડું શરૂ કર્યું, પરંતુ ધમાકેદાર આરંભ કર્યો. પહેલી બન્ને મૅચ હારી જનાર એમઆઇએ ૧૧૭ રનનો લક્ષ્યાંક ૪૩ બૉલ અને આઠ વિકેટ બાકી રાખીને ૧૨૧/૨ના સ્કોર સાથે મેળવી લીધો હતો અને પહેલા બે પૉઇન્ટ મેળવ્યા હતા. મૅન ઑફ ધ મૅચ લેફ્ટ-આર્મ પેસ બોલર અશ્વની કુમાર (૩-૦-૨૪-૪) અને વિકેટકીપર-બૅટર રાયન રિકલ્ટને (૬૨ અણનમ, ૪૧ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર)ના સુપર પર્ફોર્મન્સને લીધે એમઆઇની જીત એકદમ આસાન થઈ ગઈ હતી. મૂળ મુંબઈના જ અજિંક્ય રહાણેની કૅપ્ટન્સીમાં, મુંબઈના જ ચંદ્રકાન્ત પંડિતના કોચિંગમાં અને મુંબઈના બૉલીવૂડ સ્ટાર શાહરુખ ખાનની માલિકીવાળી કેકેઆરની ટીમ બૅટિંગ મળ્યા બાદ ૧૬.૨ ઓવરમાં માત્ર ૧૧૬ રન બનાવીને ઑલઆઉટ થઈ ગઈ હતી. યોગાનુયોગ, કેકેઆરના ૧૧૬ રનમાં મૂળ મુંબઈના જ અંગક્રિશ રઘુવંશીના ૨૬ રન હાઇએસ્ટ હતા. અશ્વનીની ચાર વિકેટ ઉપરાંત દીપક ચાહરે બે વિકેટ લીધી હતી.

૧૧૭ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ એમઆઇએ સાધારણ શરૂઆત કરી હતી, પણ રોહિત શર્મા (૧૩ રન) ફરી ફ્લૉપ ગયો હતો. વિલ જૅક્સે ૧૬ રન બનાવ્યા હતા, જ્યારે સૂર્યકુમાર યાદવ ૨૭ રને અણનમ રહ્યો હતો. તેની અને રિકલ્ટન વચ્ચે ૩૦ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.એમઆઇની બન્ને વિકેટ (બૅટિંગમાં નિષ્ફળ ગયેલા) આન્દ્રે રસેલે લીધી હતી. ■

જૉકોવિચ ૧૦૦મું ટાઇટલ ચૂક્યો: ૧૯ વર્ષના યાકુબ સામે પરાજિત

માયામી ગાર્ડન્સ: ટેનિસ જગતનો એક સમયનો નંબર-વન અને હાલમાં પાંચમી રૅન્ક ધરાવતા સર્બિયાના નોવાક જૉકોવિચને રવિવારે માયામી ઓપનની ફાઇનલ જીતીને શાનદાર કારકિર્દીનું ૧૦૦મું ટાઇટલ તેમ જ સાતમું માયામી ટાઇટલ જીતવાનો સુવર્ણ મોકો હતો, પણ તે ચાર પ્રકારની મુશ્કેલીને લીધે એમાં સફળ નહોતો થઈ શક્યો.

ટેનિસ જગતમાં ૫૪મી રૅન્ક ધરાવતા ઝેક રિપબ્લિકના ૧૯ વર્ષના યાકુબ મેન્સિકે ૩૭ વર્ષના જૉકોવિચને નિર્ણાયક મુકાબલામાં ૭-૪, ૭-૪થી પરાજિત કરીને પહેલી વાર એટીપી (અસોસિયેશન ટેનિસ પ્રોફેશનલ્સ) ટાઇટલ જીતી લીધું હતું.

આ ફાઇનલ વરસાદને કારણે સાડા પાંચ કલાક મોડી શરૂ થઈ હતી. બીજું, જૉકોવિચને આંખમાં ઇન્ફેક્શન થઈ ગયું હતું જેને લીધે તેને પૂર્વતૈયારીમાં થોડી તકલીફ થઈ હતી. ત્રીજું, વરસાદ પડવાની સાથે હવામાં ખૂબ ભેજ હતો અને એની સીધી વિપરીત અસર ટેનિસ કોર્ટ પર પડી હતી. ટેનિસ કોર્ટની ફરસ લપસણી હોવાથી ૩૭ વર્ષીય જૉકોવિચને આસાનીથી રમવામાં મુશ્કેલી પડી હતી. ચોથું, ટીનેજ હરીફ ખેલાડી યાકુબ શરૂઆતથી જૉકોવિચને જોરદાર વળતી લડત આપી હતી અને તેને એક પણ સેટ નહોતો જીતવા દીધો અને બન્ને સેટ ૭-૪, ૭-૪થી જીતીને ટ્રૉફી પર કબજો કરી લીધો હતો. ■

'શેર-એ-પંજાબ' અશ્વની કુમારનું વિક્રમ સાથે ડ્રીમ ડેબ્યૂ

ડેબ્યૂ મૅચના પ્રથમ બૉલમાં વિકેટ, કુલ ચાર શિકારનો ભારતીય રેકોર્ડ અને એક કૅચ

એમઆઈનો અશ્વની કુમાર (બીસીસીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મોહાલીમાં જન્મેલા અને શેર-એ-પંજાબ નામની ટૂર્નામેન્ટમાંના ૪/૩૬ના બેસ્ટ પર્ફોર્મન્સ સાથે આઈપીએલમાં રમવા આવેલા મુંબઈ ઇન્ડિયન્સના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અશ્વની કુમારે આજે અહીં વાનખેડે સ્ટેડિયમમાં કોલકાતા નાઈટ રાઇડર્સને એક પછી એક ચાર ઝટકા આપીને જબરદસ્ત અને વિક્રમજનક ડેબ્યૂ કર્યું હતું.

અશ્વની કુમાર આઈપીએલની ડેબ્યૂ મૅચમાં ચાર વિકેટ લેનાર પહેલો ભારતીય ખેલાડી બન્યો છે.

એમઆઈ સામે કેકેઆરની ટીમ ૧૬.૨ ઓવરમાં ૧૧૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

મૅન ઑફ ધ મૅચ અશ્વનીએ આઈપીએલમાં પોતાના પહેલા જ બૉલમાં કેકેઆરના કેપ્ટન અજિંક્ય રહાણે (૧૧ રન)ની વિકેટ લીધી હતી. એ પહેલાં, ક્વીન્ટન ડિકોક (૧ રન)નો કૅચ ઝીલનાર અશ્વનિએ પછીથી એક જ ઓવરમાં રિન્કુ સિંહ (૧૭ રન) અને મનીષ પાન્ડે (૧૯ રન)ને આઉટ કર્યા હતા અને ત્યાર બાદ સૌથી ખતરારૂપ બેટ્સમૅન આન્દ્રે રસેલ (પાંચ રન)ને કલીન બોલ્ડ કરીને સનસનાટી મચાવી દીધી હતી.

અશ્વનીએ બે કૅચ છોડ્યા હતા, પણ એકંદરે કેકેઆરને કાબૂમાં રખાવી હતી.

અશ્વનીને ગયા વર્ષે આઈપીએલમાં પંજાબ કિંગ્સની ટીમે ખરીદ્યો હતો પરંતુ ત્યારે તેને એક પણ મેચ નહોતી રમવા મળી.

આ વખતે એમઆઈના ફ્રેન્ચાઈઝીએ તેને ૩૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસમાં ખરીદી લીધો હતો અને તેણે પહેલી જ મૅચમાં વળતર ચૂકવી દીધું.

દરમિયાન એમઆઈની ટીમમાં કેકેઆરની ૧૬મી ઓવરમાં જ ઇમ્પેક્ટ પ્લેયર રોહિત શર્માએ મેદાન પર આગમન કર્યું ત્યારે ફુલ-પૅક્ડ સ્ટેડિયમમાંથી રોહિતને જબરદસ્ત આવકાર મળ્યો હતો. તેને યુવાન સ્પિનર વિગ્નેશ પુથુરના સ્થાને લેવામાં આવ્યો હતો.

પૂથુર, હાર્દિક, બોલ્ટ અને સેન્ટનરે એક-એક વિકેટ લીધી હતી જ્યારે દીપક ચાહરને બે વિકેટ મળી હતી.

કેકેઆરની ટીમમાં અંગક્રિશ રઘુવંશીના ૨૬ રન હાઈએસ્ટ હતા જ્યારે રમણદીપ સિંહે બાવીસ રન બનાવ્યા હતા. ■

ગુવાહાટીની મૅચ વખતે સંગકારા સાથે મલાઈકા

બન્ને વચ્ચે ડેટિંગ ચાલે છે?: ક્રિકેટપ્રેમીઓ અને મનોરંજન જગતમાં ચર્ચા શરૂ

ગુવાહાટી: રવિવારે અહીં રાજસ્થાન રોયલ્સ (આરઆર) અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વચ્ચેની મેચમાં સીએસકે છ રનથી પરાજિત થઈ હતી, પરંતુ સોશિયલ મીડિયા પર સીએસકેની હાર કરતાં પણ વધુ ચર્ચા શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર કુમાર સંગકારા અને અભિનેત્રી મલાઈકા અરોરાની થઈ રહી છે. બોલીવૂડની 'છૈયા...છૈયા' ગર્લ મલાઈકા અરોરા પ્રોફેશનલ લાઈફ કરતાં પણ પોતાની પર્સનલ લાઈફને કારણે વધારે ચર્ચામાં આવે છે. એમાં પણ અર્જુન કપૂર સાથે જ્યારથી મલાઈકા અરોરાનું બ્રેકઅપ થયું છે ત્યારથી તો ફેન્સની તેના પર ખાસ નજર છે. ચાલો તમને જણાવીએ કે આખરે આવું કેમ થયું?

વાત જાણે એમ છે કે ચેન્નઈ અને રાજસ્થાન વચ્ચેની મૅચ દરમિયાન મલાઈકા અરોરા વીઆઇપી સ્ટૅન્ડમાં શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી કુમાર સંગકારા સાથે જોવા મળી હતી. તમારી જાણ માટે કે સંગકારા રાજસ્થાનની ટીમનો ડિરેક્ટર ઓફ ક્રિકેટ છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે મલાઈકા પણ આ સમયે રાજસ્થાન રોયલ્સને સપોર્ટ કરતી જોવા મળી હતી.

મલાઈકાનું કુમાર સંગકારા સાથે સ્પોટ થવું એ ફેન્સને ખાસ કંઈ હજમ નથી થઈ રહ્યું. નેટિઝન્સ એવી અટકળો લગાવી રહ્યા છે કે મલાઈકા અને સંગકારા વચ્ચે કંઈક તો ખિચડી રંધાઈ રહી છે. અહીં તમારી જાણ માટે કે અર્જુન કપૂર અને મલાઈકાનું બ્રેકઅપ થોડાક સમય પહેલાં જ થયું હતું અને અર્જુન ખુદ જાહેરમાં કહી ચૂક્યો છે કે તે હવે સિંગલ છે. જ્યારે મલાઈકાએ આ મામલે ચૂપ્પી સેવી હતી. આ બધા વચ્ચે મલાઈકાનું સંગકારા સાથે દેખાવવું બંનેની ડેટિંગની અફવાઓને જોર આપી રહ્યું છે. મૅચની વાત કરીએ તો આરઆરની ટીમે તો આઈપીએલ-૨૦૨૫ની પહેલી બંને મૅચમાં હારનો સામનો કરવો પડ્યો હતો અને આખરે સીએસકે સામેની ત્રીજી મૅચમાં આરઆરે જીતનું ખાતું ખોલ્યું હતું. ■

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
ગ્રંથિ	DIALYSIS
પરિચારિકા	GLAND
તીવ્ર	PROGNOSIS
રક્તશુદ્ધિ	CHRONIC
રોગનિદાન	NURSE

ઓળખાણ પડી?

માત્ર દૂધ અને ખાંડના મિશ્રણથી તૈયાર કરાતી બંગાળી મીઠાઈની ઓળખાણ પડી? કેસર અને એલચી પણ ઉમેરવામાં આવે છે.

અ) મિષ્ટી દોઈ બ) રસગુલ્લા ક) સંદેશ ડ) રસમલાઈ

ગયા વખતનો ઉકેલ

૧ કા	૨ મ	૩ ગી	રી		૪ અ	૫ સ	૬ ર	ગ્ર	૭ સ્ત
૮ મ	જા	ર		૯ જો	ડ	કા	મ		વ
કા		૧૦ જા	હે	ર		મ		૧૧ બા	ની
જ		ઘ		૧૨ દા	પું		૧૩ જ	રા	ય
	૧૪ સ	ર	૧૫ દા	ર		૧૬ વિ	ગ	ત	
૧૭ દ	ર		સ		૧૮ મ	હા	ન		૧૯ ક
૨૦ ર	કા	સ		૨૧ મ	ગ	ર		૨૨ ધ	ર્મ
૨૩ મિ	ર		૨૪ ક	હા	ન		૨૫ કા		બં
યા		૨૬ કાં	સ	કા		૨૭ અ	પ	રા	ધ
ન		૨૮ સ	મ	ય	સા	ર	ણી		ન

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧	૨	૩	૪		૫		૬		૭
૮							૯	૧૦	
				૧૧			૧૨		
૧૩	૧૪		૧૫		૧૬	૧૭			
	૧૮					૧૯		૨૦	
૨૧					૨૨			૨૩	૨૪
		૨૫					૨૬		
૨૭	૨૮				૨૯	૩૦			
૩૧				૩૨		૩૩		૩૪	
		૩૫							

આડી ચાવી

૧. નાટકશાળા (૪)
૫. સત્કાર, પ્રતિષ્ઠા (૩)
૮. નવાઇનો બનાવ, ટોળ, મશ્કરી (૪)
૯. રિવાજ રૂઢિ, પરંપરા (૩)
૧૧. માલમિલકત (૨)
૧૨. સુગંધ, પરિમલ (૩)
૧૩. શરીરના સાંધા (૨)
૧૬. આવક, સરવાળો, એકઠું (૨)
૧૮. લખવાની શૈલી (૪)
૧૯. પાણીમાંનો પથ્થરનો ટેકરો (૩)
૨૧. --- રે ---કુકડાના બોલવાનો અવાજ (૨)
૨૨. ગાયોનું ટોળું (૨)
૨૩. મારા પપ્પાના પપ્પાની પુત્રવધૂ (૨)
૨૫. 'ખવડાવવું'નું આજ્ઞાર્થ (૪)
૨૬. ખોટું (૩)
૨૭. પટાવવું, ફોસલાવવું (૩)
૨૯. કપાળ (૩)
૩૧. પાલન કરનાર (૩)
૩૩. મીઠાઇ (૪)
૩૫. ગરબડ ગોટાળા (૫)

ઊભી ચાવી

૧. ગાનતાન, મોજમજા (૪)
૨. વીતી ગયેલું (૨)
૩. આમાં ધરતી ધ્રૂજે (૩)
૪. શૂન્ય (૨) (જો. છૂ.) (૨)
૫. માથાનો મુગટ, સરદાર, મુખી (૪)
૬. ઢીલું, પોચું, સ્નિગ્ધ (૩)
૭. ધ્રૂજારી, કંપારી (૪)
૧૦. સહન કરે (૨)
૧૪. ધણી, સ્વામી (૩)
૧૫. 'ફાવવું'નું પ્રેરકરૂપ (૫)
૧૭. નવનીત (૩)
૨૦. સંપૂર્ણ, ઉત્કૃષ્ટ, હદ (૩)
૨૧. સિદ્ધરાજ જયસિંહ પછીનો રાજા (૫)
૨૨. શ્વેત, સફેદ (૩)
૨૪. બાપ, પિતાશ્રી, બાપુજી (૨)
૨૫. ઢગલો (૪)
૨૬. ગટગટ, પાણી પીવાનો અવાજ (૩)
૨૮. સામાન (૨)
૩૦. એક ભારતીય મીઠાઇ (૩)
૩૨. કોણ --- ને પૂછે છે કોણ બૂરાને પૂછે છે (૨)
૩૪. ઠાકોરજીનાં વસ્ત્રો (૨)

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'કાર્ય પાછળનો આશય શુદ્ધ છે' વાક્યમાં 'આશય' શબ્દનો અર્થ જણાવો.

અ) ઈરાદો બ) આરામ ક) પરિણામ ડ) મહેનત

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PSYCHOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વિજ્ઞાન બ) હાડકા ક) મન ડ) શરીર

માતૃભાષાની મહેક

બહેન માટે મા - જણી શબ્દ છે તો સાસુ - જણી એટલે નણંદ એવો અર્થ છે. કહેવત છે કે મા - જણી મળી ને પેટમાં ટાઢક વળી, સાસુ - જણી મળી ને પેટમાં આગ બળી. દીકરીને મા - જણી બહેનને મળવાનું થાય તો સુખનો અનુભવ. પણ જો સાસુ - જણી નણંદ મળે તો પારાવાર પરેશાની, દુઃખની લાગણી થાય.

ઈર્શાદ

ઝુલ્ફ કેરા વાળ સમ છે ભાગ્યની ગૂંચો બધી,
માત્ર એને યત્ન કેરી કાંસકી ઓળી શકે.

શૂન્ય પાલનપુરી

માઈન્ડ ગેમ

ગુજરાતના વનરાજી વિસ્તારમાં જોવા મળતું ને મહારાષ્ટ્રના રાજ્ય પક્ષીનો દરજ્જો ધરાવતા પંખીનું નામ જણાવો.

અ) સમડી બ) કોયલ ક) હરિયાળ ડ) બુલબુલ

સુડોકુ-૮૦૫૦

	૩	૧	૬		૨			
૨	૫		૩	૭				
					૮			૨
	૭	૪				૮		૬
૯								૧
૮		૩				૯	૪	
૩			૧					
				૨	૩		૧	૫
			૮		૫	૬	૯	

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૮૦૪૯

૪	૧	૭	૫	૯	૮	૨	૬	૩
૯	૬	૨	૭	૩	૧	૪	૮	૫
૩	૫	૮	૪	૬	૨	૯	૧	૭
૫	૪	૧	૨	૮	૩	૬	૭	૯
૬	૨	૩	૯	૧	૭	૮	૫	૪
૮	૭	૯	૬	૪	૫	૩	૨	૧
૭	૩	૪	૮	૫	૬	૧	૯	૨
૧	૮	૫	૩	૨	૯	૭	૪	૬
૨	૯	૬	૧	૭	૪	૫	૩	૮

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
માળા	ROSARY
ધૂપ	INCENSE
મોક્ષ	EMANCIPATION
ભક્તિ	DEVOTION
અર્ઘ	OFFERING

ઓળખાણ પડી? Pelican

ગુજરાત મોરી મોરી રે માછલી

ચતુર આપો જવાબ અર્થ જણાવો અમાનત

માઈન્ડ ગેમ ફિરની

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ડો. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) નીતા દેસાઈ (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નુતન વિપીન શાહ (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) લજિતા ખોના (૧૯) શ્રદ્ધા આશર (૨૦) પુષ્પા પટેલ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ દોશી (૨૩) મીનળ કાપડિયા (૨૪) નિખિલ બંગાળી (૨૫) અમીશી બંગાળી (૨૬) પ્રવીણ વોરા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોતિ ખાંડવાલા (૨૯) શ્રદ્ધા આશર (૩૦) ભાવના કર્વે (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિણા સંપટ (૩૫) અંજુ ટોલિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) નિતિન બજરિયા (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જયવંત પદમશી ચિખલ (૪૧) જગદીશ ઠક્કર (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ